ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

(ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમ)

પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી, વિઠ્ઠલવાડી, ઉદ્યોગનગર, ભાવનગર-૩૬૪૦૦૧.

www.gidc.gujarat.gov.in,ફોનનં.:૦૨૭૮ ૨૫૧૨૮૧૫, rmbvn@gidcgujarat.org

YEARS OF CELEBRATING THE MAHATMA

# ઔદ્યોગિક પ્લોટ/શેડનું જાહેર હરાજીથી વેચાણ

ભાવનગર પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી હેઠળની ઔદ્યોગિક વસાહતોમાં નીચે મુજબના ઉપલબ્ધ ઔદ્યોગિક પ્લોટ/ શેડ કે જે **"જેમ છે તેમ અને જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં"** હરાજી અને બોલી બોલાવી ફાળવણી કરવા સિલબંધ કવરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે. ઉપલબ્ધ મિલ્કતના નંબર, ક્ષેત્રફળ, વસાહતનું નામ, તળીયાની કિંમત નીચે જણાવ્યા મુજબ છે. કોરા અરજી પત્રકો રકમ રૂ.૧૦૦/- રોકડા ભર્યેથી **તા. ૦૩/૦૯/૨૦૧૯ થી તા. ૧૨/૦૯/૨૦૧૯** દરમ્યાન રજાના દિવસો સિવાય **સવારના ૧૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી (રીશેષ સિવાય)** પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી, જી.આઈ.ડી.સી, વિઠ્ઠલવાડી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઉદ્યોગનગર, ભાવનગર-૩૬૪૦૦૧ પરથી જ મેળવવાના રહેશે અને તેવા જ અરજીપત્રકો માન્ય ગણાશે. એક અરજીપત્રક દ્વારા એક જ પ્લોટ/શેડ માટે અરજી કરી શકાશે. (કોરા અરજીપત્રકો મેળવતા સમયે મળેલા કવરમાં જ અરજીપત્રક/ભાવપત્રક રજૂ કરવા વિનંતી) કવર ઉપર વસાહતનું નામ તથા અરજી કરેલ મિલ્કતનો નંબર અવશ્ય લખવાનો રહેશે.

| ક્રમ નં. | ઔદ્યોગિક વસાહત | મિલ્કતનો પ્રકાર | મિલ્કત નંબર | વિસ્તાર (ચો.મી.) | મિલ્કતની તળીયાની કિંમત (રૂ.) |
|---|---|---|---|---|---|
| ૧ | ચિત્રા | ઔદ્યોગિક પ્લોટ | ૧૪૨ | ૨૫૩૫.૬૧ | ૧,૧૯,૧૭,૩૬૭/- |
| ૨ | ચિત્રા | ઔદ્યોગિક પ્લોટ | ૩૮૪ | ૨૬૫૮.૧૧ | ૧,૨૪,૯૩,૧૧૭/- |
| ૩ | ચિત્રા | ઔદ્યોગિક પ્લોટ | ૩૯૪ | ૧૮૫૩.૮૯ | ૮૭,૧૩,૨૮૩/- |
| ૪ | ચિત્રા | ઔદ્યોગિક પ્લોટ | ૩૯૬ | ૨૫૪૪.૬૨ | ૧,૧૯,૫૯,૭૧૪/- |
| ૫ | ચિત્રા | ઔદ્યોગિક પ્લોટ | ૩૯૭/૧ | ૨૩૮૨.૬૦ | ૧,૧૧,૯૮,૨૨૦/- |
| ૬ | ચિત્રા | ઔદ્યોગિક પ્લોટ | ૨/૩ | ૫૦૭.૨૧ | ૨૩,૮૩,૮૮૭/- |
| ૭ | ચિત્રા | ઔદ્યોગિક શેડ | એલ-૩૫૩/૫ | ૩૪૨.૭૨ | ૧૭,૧૧,૦૮૮/- |
| ૮ | શિહોર-૨ | ઔદ્યોગિક પ્લોટ | ૨૦૨ | ૫૫૧૨.૫૦ | ૫૨,૯૨,૦૦૦/- |
| ૯ | શિહોર-૨ | ઔદ્યોગિક પ્લોટ | ૪૦૮ | ૧૦૦૦.૦૦ | ૯,૬૦,૦૦૦/- |
| ૧૦ | દામનગર | ઔદ્યોગિક પ્લોટ | ૩૦૯ | ૧૧૪૭.૭૦ | ૧૮,૯૩,૭૦૫/- |
| ૧૧ | દામનગર | ઔદ્યોગિક પ્લોટ | ૩૧૦/બી | ૫૩૯.૦૬ | ૮,૮૯,૪૪૯/- |
| ૧૨ | દામનગર | ઔદ્યોગિક પ્લોટ | ૩૧૨ | ૧૦૭૦.૬૫ | ૧૭,૬૬,૫૭૩/- |
| ૧૩ | દામનગર | ઔદ્યોગિક પ્લોટ | ૪૦૧ | ૫૩૨.૩૦ | ૮,૭૮,૨૯૫/- |
| ૧૪ | દામનગર | ઔદ્યોગિક પ્લોટ | ૪૦૨ | ૪૩૧.૫૦ | ૭,૧૧,૯૭૫/- |
| ૧૫ | દામનગર | ઔદ્યોગિક શેડ | કે૧-૫૦૬ | ૯૨૮.૦૦ | ૧૫,૩૧,૨૦૦/- |
| ૧૬ | બાબરા-૧ | ઔદ્યોગિક પ્લોટ | ૮૭/૨ | ૨૧૫.૦૦ | ૩,૯૭,૭૫૦/- |

ભરેલા ભાવપત્રકો સીલબંધ કવરમાં માત્ર **'આર.પી.એ.ડી.'** દ્વારા જ **તા. ૧૯/૦૯/૨૦૧૯ સાંજના ૧૬.૦૦ કલાક** સુધીમાં **પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી, જી.આઇ.ડી.સી., વિઠ્ઠલવાડી ઔદ્યોગિક વસાહત, ઉદ્યોગ નગર, ભાવનગર-૩૬૪૦૦૧**ના સરનામે મળી જાય તે રીતે મોકલવાના રહેશે. સિહોર-૨ ઔ. વસા. ખાતે આવેલ પ્લોટ નં. ૪૦૮માં બાંધકામ ઉપસ્થિત હોય બાંધકામ પેટે રૂ. ૩,૧૮,૫૦૦/- અલગથી ચૂકવવાના રહેશે. કવર ઉપર સ્વચ્છ અને સ્પષ્ટ વંચાય તે રીતે **'હરાજી માટેનું ભાવપત્રક'** અચૂક લખવાનું રહેશે અને **જે તે મિલ્કતનો પ્રકાર, મિલ્કત નંબર અને ઔદ્યોગિક વસાહતનું નામ પણ અવશ્ય દર્શાવવાનું રહેશે.** અરજદારે ટેન્ડરમાં ભરેલ જે તે કિંમતના ૨૫% ઈ.એમ.ડી.ની રકમ ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા અદા કરવાની રહેશે તથા ઔદ્યોગિક પ્લોટ માટે રૂ. ૧૧૮૦/- અને ઔદ્યોગિક શેડ માટે રૂ. ૨૩૬૦/- છે તે "જી.આઇ.ડી.સી. ભાવનગર"ના નામના ડી.ડી.થી જ ભરપાઈ કરવાના રહેશે. (જે પરત મળવાપાત્ર નથી). અરજી પત્રક/ભાવ પત્રક સાથે ઈ.એમ.ડી.ની રકમનો ડી.ડી. તથા સ્ક્રુટીની ફીનો ડી.ડી. સામેલ નહી હોય તે અરજીપત્રક/ભાવપત્રક રદબાતલ ગણાશે. એટલે કે અરજીપત્રક/ભાવપત્રકમાં ભરેલી રકમના ૨૫% પ્રમાણેની રકમ ભરેલી નહી હોય તેવા અરજી પત્રક સ્વીકાર્ય પાત્ર બનશે નહી, વધુમાં અરજીપત્રક/ભાવપત્રક સાથે સામેલ કરાયેલા વિતરણ કરવા અંગેની શરતો અને બોલીઓ અન્વયેનુ બાંહેધરી ખત રૂ. ૩૦૦/-ના અધેસીવ સ્ટેમ્પ લગાવી ત્યારબાદ અરજદારની સહી, સ્થળ તથા તારીખ તથા બે સાક્ષીઓની સહી સાથે ફરજીયાત

રજુ કરવાનું રહેશે, તે પણ જો નિયમો મુજબ રજુ કરવામાં આવેલા નહી હોય તો અરજીપત્રક/ભાવપત્રક રદબાતલ થવાને પાત્ર રહેશે. વધુમાં સદર પ્લોટ/શેડ જેમ છે તેમના ધોરણે તેમજ જો મિલ્કતો પર કોઇપણ પ્રકારનું દબાણ હોય તો તે દબાણ અરજદારે પોતાના ખર્ચે અને જોખમે દૂર કરવાનું રહેશે. જે મિલ્કત નિગમે જી.પી.પી. એક્ટની કાર્યવાહી હેઠળ પરત લીધેલ છે અને **તે મિલ્કત હરાજીમાં મુકેલ છે તે મિલ્કતના તમામ લ્હેણાની વિગતો ચકાસી ફોર્મ ભરવાનું રહેશે અને લ્હેણા ભરવાની જવાબદારી ફાળવણીદારની રહેશે.** અરજીપત્રક/ભાવપત્રક ખોલતા સમયે મળેલા અરજીપત્રક/ભાવપત્રકોમાંથી જે તે મિલ્કતની સૌથી વધારે કિંમત દર્શાવવામાં આવેલી હશે તે કિંમત તળીયાની કિંમત ગણતરીમાં લઈ અરજદાર વચ્ચે માંહો માંહોની બોલી બોલાવી જે સૌથી વધારે બોલી બોલનારની આખરી બોલી ગણી નિગમની વડી કચેરીએથી જરૂરી મંજૂરી મેળવ્યા બાદ મિલ્કતની ફાળવણી અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ઉપરોક્ત વસાહતમાં આવેલ મિલ્કતોની જાહેર હરાજી નીચે જણાવેલ તારીખ, સ્થળ અને સમયે રાખવામાં આવશે. જેમાં ભરેલા અરજીપત્રક/ભાવપત્રકના અરજદારે જ અચૂક હાજર રહેવાનું રહેશે. અને તે અરજદાર કે અરજદારના પ્રતિનિધિ એટલે કે કોઈપણ એક વ્યક્તિને હરાજી રૂમમાં પ્રવેશ આપવામાં આવશે. પછીથી કોઈ વાદ-વિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. મળેલા અરજીપત્રકો/ભાવપત્રકો ખોલવાનું સ્થળ - હરાજીનું સ્થળ, તારીખ તથા સમય નીચે જણાવેલ સ્થળે રાખવામાં આવેલ છે.

**સ્થળ : પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી, જી.આઇ.ડી.સી., વિઠ્ઠલવાડી ઔદ્યોગિક વસાહત, ઉદ્યોગ નગર, ભાવનગર-૩૬૪૦૦૧.**

**તારીખ : ૨૪/૦૯/૨૦૧૯.**

**સમય : સવારે ૧૧.૩૦.**

ઉપર જણાવેલી મિલ્કતોની વિગતો, શરતો અને અન્ય માહિતી કચેરીના નોટીસ બોર્ડ તથા નિગમની વેબ સાઈટ www.gidc.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલા છે, જે વંચાણે લીધા પછી અરજીપત્રક/ભાવપત્રક ભરવાના રહેશે. અનિવાર્ય સંજોગોમાં નિગમ કોઈપણ મિલ્કતની જાહેર હરાજીની યાદીમાંથી હરાજીની પ્રક્રીયા શરૂ થાય તે પહેલા કાઢી શકશે અથવા યાદીમાં ફેરફાર કરી શકાશે અને મિલ્કતની વિગતો, શરતો અને અન્ય માહિતીમાં ફેરફાર કરી શકશે.

વધુમાં હરાજી બાબતમાં કોઈપણ નિર્ણય નિગમ ગમે તે તબક્કે લઈ શકશે. કોઈપણ મિલ્કતના પ્રકાર, વિસ્તાર અથવા કિંમત બાબતે કંઈપણ ફેરફાર જણાશે તો નિગમ તેમા ફેરફાર કરી શક્શે અને નિગમનો નિર્ણય અંતિમ નિર્ણય ગણાશે, જે તમામ અરજદારોને બંધનકર્તા રહેશે. અનિવાર્ય સંજોગોમાં કોઇપણ અરજદાર/બીડર પોતાનું અરજીપત્રક/ભાવપત્રક હરાજીની પ્રક્રીયા શરૂ થાય તે પહેલા એટલે કે **તા.૨૪/૦૯/૨૦૧૯**ના રોજ સવારના **૧૧.૦૦ કલાક પહેલા પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી, જી.આઇ.ડી.સી., વિઠ્ઠલવાડી ઔદ્યોગિક વસાહત, ઉદ્યોગ નગર, ભાવનગર-૩૬૪૦૦૧** ખાતે આઇ-ડી પ્રૂફ સાથે રૂબરૂમાં જાતે હાજર રહી લેખિતમાં રજુ કરી પરત ખેંચી શકાશે અને એક વખત અરજીપત્રકો/ભાવપત્રકો ખુલ્લી ગયા પછી કોઈપણ સંજોગોમાં પરત ખેંચી શકાશે નહી. જેથી એક વાર અરજીપત્રક/ભાવપત્રક ખુલ્લી ગયા બાદ જો કોઈ અરજદાર અરજીપત્રક/ભાવપત્રક પરત ખેંચવાની રજુઆત કરશે અથવા ફાળવણી પત્રક સ્વીકારવાની ના પાડશે તો તે અરજદાર/બીડરની ૨૫% ઈ.એમ.ડી.ની રકમ જે અરજીપત્રક/ભાવપત્રક સાથે ભરપાઈ થયેલી હશે, તે નિગમ દ્વારા જપ્ત કરવામાં આવશે, જેની અવશ્ય નોંધ લેવાની રહેશે અને તે કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય કોઈ એક કે તમામ ઓફર ન સ્વીકારવા તે અંગે નિગમને અબાધિત રહેશે.

**સંપર્ક અધિકારી:** પ્રાદેશિક મેનેજરશ્રી, જી.આઈ.ડી.સી., ભાવનગર. સહી/-

ટેલીફોન નં.૦૨૭૮-૨૫૧૨૮૧૫

**પ્રાદેશિક મેનેજર,**

**જી.આઈ.ડી.સી., ભાવનગર**